ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૫ ટકા
ગાંધીનગર તાપમાન

# આજે ભારતમાતાના મંદિરનો મહોત્સવ આરંભાશે

## વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં સંતો, મહંતો, નાયબ મુખ્યમંત્રી, ગૃહમંત્રી, કેન્દ્રીય સંયુક્ત મહામંત્રી સહિત મહેમાનો ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૪

સેકટર-૭-એ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત શ્રી ભારતમાતા મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ આજે થશે. ત્રણ દિવસીય આ કાર્યક્રમમાં ૨૫ ઓગસ્ટના રોજ ગણેશ પૂજન, વરૂણ પૂજન, જલપાન મૂર્તિ, કુમારિકા કળશ પૂજન, શોભાયાત્રા અને આરતી યોજાશે. શ્રાવણ વદ ત્રીજના રોજ સવારે ૧૦ વાગે ઉમિયા માતા મંદિરથી શોભાયાત્રા નીકળશે જે સેકટર-૬ (રોહિદાસ મંદિર)થી સેકટર-૭ પોલીસ સ્ટેશનથી ચૌધરી સ્કુલ સુધી આ શોભાયાત્રા નીકળશે. જેમાં વિશ્વ હિંદુ પરિષદના કાર્યકર્તા, ઉમિયા માતાના મંદિરના ટ્રસ્ટીગણ અને હિંદુ સમાજ જોડાશે. શ્રાવણ વદ ચોથને ગુરૂવારે શાંતિ પૌષ્ટિ હોમ-મૂર્તિ, દંડ, કળશ શિખર, મધ અભિષેક અને ધાન્યાધીવાસ આરતી યોજાશે. શ્રાવણ વદ પાંચમને શુક્રવારે દૈવત્ય આહવાન, મંદિરમાં મૂર્તિ પ્રવેશ પ્રતિષ્ઠા ધ્વજારોપણ, પૂજન, મહાઆરતી યોજાશે. આમ, આજે બપોરે ૨.૦૦ કલાકે યુવા સંમેલન કાર્યક્રમ છે. આવતીકાલે માતૃ શકિત સંમેલન કાર્યક્રમ, શુક્રવારે સંત સંમેલન સવારે ૧૦.૦૦ કલાકે અને ધર્મસભા સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

આ મંદિર નિર્માણમાં દિલીપભાઈ પટેલે મુખ્ય દાતાની સાથે સાથે મંદિર નિર્માણની સમગ્ર જવાબદારી અદા કરેલ છે.

આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં સંતો મહંતો ઉપસ્થિત રહેશે તેમજ મુખ્ય મહેમાનપદે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, વિહિપના કેન્દ્રીય સંયુકત મહામંત્રી સુરેન્દ્ર જૈન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સંચાલક ડૉ. ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહેવાના છે. જેમાં ફૂલશંકર શાસ્ત્રીજી (ધર્માધ્યક્ષ, પંચદેવ મંદિર), રામમનોહરદાસજી મહારાજ (સત્યનારાયણ મંદિર-કલોલ), મહંત મધુસૂદનદાસજી મહારાજ (રામજી મંદિર-વાવોલ), ગીતાદીદી રામાયણી (ગીરનારી આશ્રમ-બાવલા), રામકૃષ્ણદાસજી સ્વામી (સત્સંગ શિક્ષા પરિષદ), પી.પી.સ્વામી (સ્વામિનારાયણ મંદિર, સે-૨), પ્રેમદાસજી મહારાજ (પ્રેમ આશ્રમ-માણસા) સહિત સંતો ઉપસ્થિત રહેશે. ઉપરાંત અતિથિ વિશેષમાં કનુભાઈ ચૌધરી (પ્રમુખ ગૃપ), જે.એસ. પટેલ (પ્રમુખ, કડવા પાટીદાર સમાજ, નાઝાભાઈ ઘાંઘર (પૂર્વ ડેપ્યુટી મેયર, ગાંધીનગર) ઉપસ્થિત રહેશે.

આજ રોજ યોજાનાર કાર્યક્રમોમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવશે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દિલીપભાઈ પટેલના જણાવ્યા મુજબ ભારતમાતાની રાષ્ટ્રપ્રત્યેની સેવા, હિંદુ સમાજનું કામ થાય, જાગૃતિ માટે આ તમામ કાર્યક્રમો કરવાના છે. આ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં જે દાતાઓએ ફાળો આપ્યો છે તેમનું સન્માન કરવામાં આવશે.

શ્રી ભારતમાતા મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે બે દિવસ અનલિમિટેડ બુંદીનો પ્રસાદ આપવામાં આવશે. ત્રીજા દિવસે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોના ગાઈડલાઈન મુજબ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મર્યાદિત લોકોને આમંત્રિત કરવામાં આવ્યા છે.

સમગ્ર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન સુંદર રીતે કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજન વિશ્વ હિન્દુ પરિષદના ગાંધીનગર જિલ્લા એકમ દ્વારા કરવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી

રાજન ભરતભાઈ શાહ
સહમંત્રી,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
MDRT Insurance Adviser
મો. ૯૮૨૪૦ ૫૪૯૪૦

ભરતભાઈ પંડ્યા
(સિટી એન્જિનિયર, મનપા)
મો. ૯૮૯૮૧ ૪૭૦૭૨

નૂપુર સોની
લાયોનેસ ક્લબ

ભવ્યાબા ધર્મેન્દ્રસિંહ મહીડા
મો. ૯૫૭૪૧ ૨૩૪૫૨

જીગર ત્રિવેદી
મો. ૯૮૯૮૩ ૧૮૮૧૫

તેજસ પટેલ
મો. ૯૯૦૪૦ ૮૦૦૩૫

રિતેષ રાવત
મો. ૯૬૬૨૪ ૪૭૬૬૩

પટેલ રક્ષિત
મો. ૯૫૭૪૧ ૨૩૪૫૨

જીયા ઉપેશકુમાર સોલંકી
મો. ૯૬૬૨૬ ૮૬૭૫૬

રાશિ ફોરમકુમાર વસાવડા

મીનલ મેહુલ શાહ
મો. ૯૫૩૭૭ ૭૨૨૫૬

મોહંમદ માઝ
મો. ૯૮૯૮૧ ૩૦૨૫૨

# સેકટર-૩-ન્યુ શિવશક્તિ મંદિર ખાતે શિવ મહાઆરતી

પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે શિવશક્તિ મંદિરમાં મહાઆરતી કરવામાં આવી હતી. મહા કાલેશ્વર દાદાની મહાઆરતી, સુશોભન, પૂજા અર્ચના ભાવિક ભક્તો દ્વારા કરવામાં આવી હતી. સૌ વસાહતી ભાઈ બહેનોએ તેનો લાભ લીધો હતો. મહાદેવના દર્શન કરીને સૌ ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

# જે.એમ. ચૌધરી શાળામાં સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

શાળામાં વય નિવૃત્ત શિક્ષકો રમીલાબેન જે. ચૌધરી, વર્ષાબેન વી. પટેલ, ભાવનાબેન ઠકકર, વારીબેન ચૌધરીનો શાળાના પ્રમુખ તથા મંત્રી તેમજ શાળાના આચાર્યા રમીલાબેન એસ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ સન્માન સમારોહ યોજાયો હતો. શાળાની તેજસ્વી વિદ્યાર્થીનીઓનું સ્કોલરશીપ તેમજ પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું. શાળામાં લાંબી સેવા આપવા બદલ સંસ્થાએ નિવૃત્ત કર્મચારીઓનો આભાર માન્યો તથા તેમની સેવાકીય ફરજને બિરદાવી હતી. આ સમારોહમાં અખિલ આંજણા કેળવણી મંડળના પદાધિકારીઓ તથા ચૌધરી સંકુલના વડાઓ હાજર રહ્યા હતા.

# સેકટર-૫માં કલેહર માતાજીના મંદિરે ભક્તિ-ભજન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૪

શ્રાવણ માસ દરમિયાન ભક્તો દ્વારા કલેહર માતાજીના મંદિરે ભજન-ભક્તિ સંધ્યા કાર્યક્રમ યોજાયો હતો. જે કૈલાસબેન તથા જાગૃતિબેન મહેતા પરિવાર તરફથી આયોજિત કરેલ હતો. આ કાર્યક્રમમાં ભાઈઓ-બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને માતાજીના ભજનો ગાઈને ભક્તિભાવ પ્રગટ કર્યો હતો.

# એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ૨૧ ઓગષ્ટ શનિવારના રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આચાર્યા નીરૂબેન પટેલ તથા સુપરવાઈઝરો, સ્ટાફ મિત્રો દ્વારા શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કર્યુ હતુ. આ કાર્યક્રમનું સંચાલન પ્રવિણભાઈ પટેલ (મદદનીશ શિક્ષક)એ કર્યુ હતુ.

# અલગ અલગ કચરા માટે મનપા વસાહતીઓને ડસ્ટબીન આપે : શહેર વસાહત મહાસંઘ

## ભીના-સુકા કચરા માટે ડસ્ટબીનો આપ્યાં વગર જ અલગ અલગ કચરો ઉપાડવાની મ્યુ. કમિશનરની જીદ સામે વસાહત મહાસંઘે બાંયો ચડાવી : બુધવારે યોજેલ બેઠકમાં પ્રભારી મંત્રીને આવેદનપત્ર આપવા તેમજ આંદોલન છેડવા નિર્ણય કરાશે

ગાંધીનગર તા.૨૪

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેકટર વિસ્તારના વસાહતીઓને ભીના-સુકા કચરા માટે અલગ અલગ ડસ્ટબીન આપ્યાં વગર જ ઘરે ઘરેથી અલગ અલગ કચરો ઉપાડવા બાબતે મનપાના નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનરના જીદ્દી વલણ સામે નગરજનોમાં ઉગ્ર વિરોધ પ્રવર્તી રહ્યો હોવાનું શહેર વસાહત મહાસંઘે જણાવ્યું છે. આ સાથે જો મ્યુ. કમિશનર તેમનું જીદ્દી વલણ નહીં છોડે તો સરકારમાં રજુઆત કરવા ગાંધીનગરના પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલને આવેદનપત્ર આપવામાં આવશે તેવું વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે. આ બાબતે ચર્ચા કરવા વસાહત મહાસંઘ દ્વારા આવતીકાલે તા.૨૫મી ઓગસ્ટ બુધવારે સવારે ૧૦ કલાકે સેકટર-૫ શોપિંગ સેન્ટર સામે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેકટરોના વસાહતીઓના રહેણાંક વિસ્તારમાંથી કચરો ઉપાડવા માટે મ્યુ. કમિશનર દ્વારા વસાહતીઓને ભીનો સુકો કચરો અલગ અલગ કરીને આપવા માટે ફરમાન જારી કરાયું છે. આ ફરમાનને અનુલક્ષીને ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા લેખિત અને મૌખિક સંસ્થાના પ્રમુખ કેશરીસિહ બિહોલા અને હોદેદારોએ મ્યુ. કમિશનરને રૂબરૂ મળી ડસ્ટબીન આપવા માંગણી કરવામાં આવી હતી પરંતુ મ્યુ. કમિશનરે પોતાના જીદ્દી વલણને કારણે તેઓ દવારા આ માગણી ઠુકરાવવામાં આવી હતી અને તેઓએ તેમના જવાબમાં જણાવ્યું હતું કે 'હું ડસ્ટબીન આપવાનો નથી, શહેરના વસાહતીઓ દ્વારા વીસ હજારનો સમાટેફોન ખિસ્સામાં રાખીને ઉપયોગ કરવામાં આવે છે અને દોઢ સો રૂપિયાની ડસ્ટબીન ખરીદી શકતાં નથી, હું મહાનગર પાલિકામાં ખર્ચ પાડવાનો નથી અને ડસ્ટબીન આપવામાં નહિ આવે, તમારે તમારા ખર્ચે ડસ્ટબીન વસાવવા પડશે અથવા જે વ્યવસ્થા કરી અલગ અલગ કચરો આપવો પડશે.' આ જવાબ સાથે વસાહત મહાસંઘના હોદેદારો સાથે ઉગ્ર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ સમયે સંસ્થાના પ્રમુખ કેશરીસિહ બિહોલાએ જણાવ્યું હતું કે 'આ બાબતે અગાઉ વર્ષ ૨૦૧૭ પહેલાં ખર્ચ પાડી આપવામાં આવ્યા હતા જે કયા નિયમ અનુસાર પાડી આપવામાં આવ્યા હતા ? જો તેવી રીતે અત્યારે પણ આપને આપની કક્ષાએ નિણર્ય કરી ખર્ચ પાડી વસાહતીઓને ડસ્ટબીન આપવાની સત્તા છે અને પ્રજા પાસેથી ટેક્ષના ઘરાવેલ નાણાંમાંથી જ મનપાએ ખર્ચ કરી આપવાનો છે.' જો કે તેમ છતાં મ્યુ.કમિશનરની એક જ જીદ હતી કે હું મનપામાં ખર્ચ પાડવાનો નથી જેનો મહાસંઘના હોદેદારો વિરોધ નોંધાવી નિકળી ગયા હતા.

આ બાબતે આગળ ઉગ્ર વિરોધ માટે અને રણનિતી નક્કી કરવા માટે આવતીકાલે તા.૨૫મી ઓગસ્ટ બુધવારે સવારે ૧૦ કલાકે સેકટર-૫ શોપિંગ સેન્ટર સામે સંસ્થાના પ્રમુખ કેશરીસિહ બિહોલાના અધ્યક્ષ સ્થાને સંસ્થાના હોદેદારો શહેરના અગ્રણીઓની જાહેર બેઠક બોલાવવામાં આવી છે. સદરહુ બેઠકમાં શહેરના આગેવાનોના સુચનો વિચારો જાણી આ બાબતે લોક આંદોલન કરવા માટે સામુહિક નિણર્ય કરવામાં આવશે. આ બેઠકમાં શહેરના વિવિધ સેકટરોના સંલગ્ન વસાહત મંડળોના હોદેદારો, શહેરના આગેવાનો સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, બુદ્ધિજીવી વર્ગના વડીલોને ઉપસ્થિત રહેવા વસાહત મહાસંઘ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વાવોલના સિદ્ધનાથ મહાદેવના મંદિરે પાર્કિંગ પ્લોટ બનાવાયો

ગાંધીનગર, તા.૨૪

વાવોલનું સિદ્ધનાથ મહાદેવનું મંદિર ખુબ જ જાણીતું અને શ્રધ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. શ્રાવણ માસમાં સોમવારે તેમજ શિવરાત્રી તથા જન્માષ્ટમી જેવા તહેવારોએ અહીં વાવોલ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના દર્શનાર્થીઓની ભારે ભીડ રહે છે. જોકે લાંબા સમયથી આવા ધાર્મિક પ્રસંગોએ જ્યારે પણ અહીં દર્શનાર્થીઓની ભીડ વધી જાય ત્યારે વાહન પાર્કિંગની સૌથી મોટી સમસ્યા સતાવતી હતી કેમકે મંદિરની આગળ ઉબડખાબડ જમીન અને અયોગ્ય ઢોળાવ હોવાથી ચોમાસાની ઋતુમાં કાદવ-કિચડની સમસ્યા સતાવતી હતી. આ સમસ્યાને કારણે ખૂબ જ લાંબા સમયથી શ્રદ્ધાળુઓ ખાસ

કરીને વડીલોઅનેમહિલા દર્શનાર્થીઓ સિધ્ધનાથ મહાદેવના મંદિરે દર્શન કરવા આવે ત્યારે પરેશાનીનો ભોગ બનતાં હતાં. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે વાવોલના અગ્રણી અને મનપાના કોલવડા-વાવોલ વોર્ડ નં.૭ના ભાજપના ઉમેદવાર પ્રેમલસિંહ ગોલ દ્વારા સ્વખર્ચેજાતે સ્થળ પર ઉભા રહી મંદિરના આગળના વિસ્તારમાં યોગ્ય રીતેપાર્કિંગ થઈ શકેતેમજ કાદવ કીચડ ના થાય તે રીતે ઉબડખાબડ જમીનને સમાંતર બનાવી સિમેન્ટ બ્લોકસ નાંખીને વ્યવસ્થિત પાર્કિંગ પ્લૉટનું નિર્માણ કરાવવામાં આવ્યું છે. આ પાર્કિંગ લૉટના કારણે પવિત્ર શ્રાવણ માસમાં જ વર્ષો જૂની સમસ્યાનું નિરાકરણ આવ્યું છે જેનાથી શ્રધ્ધાળુઓમાં પ્રસન્નતા પ્રસરવા પામી છે.

# ભાજપ દ્વારા વોર્ડ નં. ૧૧ના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૪

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ રૂચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ મહાનગરના વોર્ડ નં. ૧૧ના ભાજપા સંગઠનમાં વિવિધ જવાબદારીઓ માટે સંગઠનાત્મક નિયુકિત કરવામાં આવી છે. વોર્ડ નં. ૧૧ના પ્રમુખ તરીકેઅલ્પેશભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે ઉર્વેશભાઈ પટેલ, સુમનભાઈ પટેલ, તેજસભાઈ આચાર્ય, દિનેશજી ઠાકોર, કૌશલભાઈ પટેલ અને સંજયકુમાર વાણિયાની વરણી કરવામાં આવી છે. જયારે મહામંત્રી તરીકેભવાનસિંહ વાઘેલા અને ભીખાભાઈ પટેલની વરણી કરવામાં આવી છે.

# નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય કેમ્પ યોજાશે

આચાર્ય પદ્મસાગર સૂરીશ્વર મહારાજના ૮૭માં જન્મદિવસની ઉજવણી નિમિત્તે નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય આયોજીત છે. જે ૧૮ સપ્ટેમ્બર શનિવારના રોજ ૯.૩૦ કલાકે રાખેલ છે. આ કેમ્પમાં ગાંધીનગરના જે દિવ્યાંગ ભાઈ-બહેનોને ટ્રાય-સાયકલ, વ્હીલચેર તેમજ બગલ ઘોડીની જરૂરિયાત હોય તેમણે ૧૦ સપ્ટેમ્બર રવિવારે ૩.૦૦ વાગ્યા સુધીમાં નામ નોંધણી કરવાની રહેશે. નામ નોંધણી માટે આર.કે. શાહ (મો. નં. ૯૮૨૪૦૯૮૦૩૧), મેહુલ પી. દોશી (મો. નં. ૯૯૨૪૧૨૭૩૮૨) પર સંપર્ક કરવાનો રહેશે.

# વિકલાંગ સહાયક કેન્દ્રનો ચોથો સર્વધર્મ સમુહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૨૪

વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા ત્રણ સર્વધર્મ સમુહ લગ્નોત્સવની અમદભુત અને અકલ્પનીય સફળતા બાદ ચોથો સર્વધર્મ સમુહ લગ્નનું આયોજીત છે. આ કાર્યક્રમમાં દરેક સમાજ, દરેક ધર્મના યુવક-યુવતી તથા શારીરિક રીતે ખોડ-ખાંપણ, અંધ, બહેરા-મુંગા અને માનસિક રીતે વિકલાંગતા ધરાવતા યુવક-યુવતીઓને પ્રાથમિકતા અપાશે. જેમાં સમુહલગ્નમાં કરીયાવરનો જરૂરી ઉપયોગી સામાન પણ આપવામાં આવશે. આ લગ્નવિધિ દરેકના ધર્મના રીતિરિવાજ મુજબ યોજાશે. હિન્દુ, મુસ્લિમ, સીખ, ઈસાઈ ધર્મના નાગરિકોને ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે લગ્નમાં મર્યાદિત જોડા લેવાના હોવાથી વહેલાસર નામ નોંધણી કરાવે. આ નોંધણી કરવાની છેલ્લી તારીખ ૧૧ નવેમ્બર રાખેલ છે. આ વિષયને લગતી માહિતી પ્રમુખ બાબુભાઈ (મો. નં. ૯૩૭૫૭૦૬૪૫૧)ને સંપર્ક કરવા જણાવેલ છે.

# સે-૨૪ આર્યસમાજ ખાતે નિઃશુલ્ક યોગાસન

ગાંધીનગર, તા.૨૪

'કરો યોગ રહો નિરોગી', 'ક્લીન સીટી, ગ્રીન સીટી',ના સ્વપ્નને સાકાર કર્યા પછી 'નિરોગી નિરામય ગાંધીનગર'નું સ્વપ્ન રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માધ્યમથી સાકાર કર્યુ છે. શહેરની મધ્યે આવેલી સંસ્થા આર્યસમાજ, સેકટર-૨૪ ખાતે યોગ વર્ગ શરૂ કર્યા છે. યોગપ્રેમી જનતાને યોગ, આસન, પ્રાણાયામ દ્વારા નિરામય તંદુરસ્તી માટે સંસ્થાનો લાભ લેવા અનુરોધ કર્યો છે. ઉપરાંત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક સર્ટિફિકેટ કોર્સ પણ કરાવાશે. વધુ વિગતો માટે પારૂલ મહેતા (મો.નં. ૯૭૧૪૦૦૪૧૯૯) નંબર પર સંપર્ક કરવા જણાવેલ છે.

# આઈ.ટી.આઈ. (મહિલા) ખાતે વિના મૂલ્યે પ્રવેશ પ્રક્રિયા

ગાંધીનગર, તા.૨૪

મહિલા આઈ.ટી.આઈ ગાંધીનગર ખાતે વિનામૂલ્યે ચાલતાં કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ(કોપા), કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, સુઈંગ ટેક્નોલોજી, ફેશન ડિઝાઈન એન્ડ ટેક્નોલોજી ટ્રેડમાં ૮ પાસ અને ૧૦ પાસ ઉમેદવારોને પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેલ બેઠકો પર મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. આથી તા. ૨૪.૦૮.૨૦૨૧ થી બીજા રાઉન્ડની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

તદુપરાંત ગુજરાત રાજ્યની એકમાત્ર આઈટીઆઈ ગાંધીનગર (મહિલા) ખાતે ચાલુ સત્રથી શરૂ કરવામાં આવેલ એમ.એલ.ટી. (ટેક્નોલોજીસ્ટ) ટ્રેડમાં પણ ખાલી રહેલ બેઠકો માટે બી.એસસી. પાસ ઉમેદવારોને પ્રવેશ આપવાની કામગીરી ચાલુ છે. આથી ઉપરોક્ત કોર્ષમાં વિનામૂલ્યે તાલીમ માટે પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ **www.itiadmission.gujarat.gov.in** સાઈટ પર ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી આઈ.ટી.આઈ. ખાતે તારીખ ૧૦.૦૯.૨૦૨૧ સુધીમાં પ્રવેશ ફોર્મ જમા કરાવી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તેમજ રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ તા. ૧૩ થી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન યોજવામાં આવશે. આથી પ્રવેશ ઈચ્છુક બહેનોએ જરૂરી ડોક્યુમેંટ (શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટ, ટ્રાયલ સર્ટિ, સ્કૂલ લીવીંગ, આધારકાર્ડ, જાતિનું પ્રમાણપત્ર) સાથે સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા આચાર્યશ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. રાવલ ઉર્મિલાબેન બાબુલાલ, ઉ.વ. ૬૦, પેથાપુર
- સ્વ. શાહ અરવિંદભાઈ જમનાદાસ, ઉ.વ. ૬૬, અડાલજ